# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-06-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : SATURDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

------------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# CM GIFT CITY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટીમાં હેક્સાવેર ટેક્નોલોજીઝના નવા ડિલિવરી સેન્ટરનું ઉદ્ઘાટન કર્યું. આ અત્યાધુનિક સેન્ટર રાજ્યના તકનિકી માળખા માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન બનશે.

આ કેન્દ્રના પ્રારંભથી કૃત્રિમ બુદ્ધિમત્તા-AI, ક્લાઉડ કમ્પ્યુટિંગ, ડેટા એનાલિટિક્સ, ઓટોમેશન અને ડિજિટલ ટ્રાન્સફોર્મેશન જેવા અદ્યતન ક્ષેત્રોમાં નવી તકોનું સર્જન થશે તેમજ ઉચ્ચ કૌશલ્ય ધરાવતા યુવાનો માટે રોજગારીના નવા દ્વાર ખુલશે.

# BHARUCH PM 12 YEARS

કેન્દ્રમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની સરકારને 12 વર્ષ પૂર્ણ થવાના અવસરે રાજ્યભરમાં વિવિધ કાર્યક્રમ યોજાઇ રહ્યા છે. ત્યારે ભરૂચ જિલ્લા ભાજપ દ્વારા અંકલેશ્વર ખાતે રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાની ઉપસ્થિતિમાં મીડિયા સંવાદ યોજાયો. આ પ્રસંગે તેમણે કહ્યું, કાશ્મીરથી કન્યાકુમારી અને ગુજરાતથી આસામ આજે દેશના ચારેય ખૂણા વિકાસ પથ પર છે.

ભરૂચ નગરસેવા સદન દ્વારા પણ આજે જન કલ્યાણ શિબિર યોજાઇ. આ શિબિરમાં સરકારની વિવિધ જનકલ્યાણકારી યોજનાઓના લાભો આપવામાં આવ્યા. આ પ્રસંગે નગરપાલિકા ચીફ ઓફિસર હરીશ અગ્રવાલે સરકારની વિવિધ યોજનાઓનો લાભ લેવા માટે નાગરિકોને પ્રોત્સાહિત કર્યા.

(BYTE: HARESH AGARWAL - CHIEF OFFICER)

# DEPUTY CM - RAJKOT

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે આજે રાજકોટ ખાતે 74.32 કરોડ રૂપિયાના ખર્ચે નવનિર્મિત ૪-લેન રેલ્વે ફ્લાયઓવર બ્રિજ-સાંઢિયા પુલનું લોકાર્પણ કરવામાં આવ્યું.

ઉલ્લેખનીય છે કે, આ બ્રિજની કુલ લંબાઈ 678 મીટર અને કુલ પહોળાઈ 16.24 મીટર છે. રેલ્વે ટ્રેકથી આ પુલની ઊંચાઈ 6.25 મીટર છે.

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા જામનગર રોડ ઉપર આ બ્રિજનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ રેલવે ફ્લાયઓવર બ્રિજ ખુલ્લો મૂકાતા રાજકોટવાસીઓનું પરિવહન વધુ ઝડપી તેમજ સુવિધાજનક બન્યું છે.

લોકાર્પણ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રીશ્રીને ગાર્ડ ઓફ ઓનર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં રાજકોટના મેયર, સાંસદ, ધારાસભ્યો સહિત  અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# MANDVIYA PORBANDAR

પ્રવાસન, વેપાર, અને જનસુવિધાને વેગ આપતી પોરબંદર, મુંબઈ, અમદાવાદ, અને કેશોદ વચ્ચેની ફ્લાઇટ સેવાની શરૂઆત આ 25 તારીખથી થશે. કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાએ આજે પોરબંદરમાં વિકસિત ભારત યુવા કનેક્ટ કાર્યક્રમમાં આ જાહેરાત કરી. રાજ્યના બે દિવસના પ્રવાસે આવેલા શ્રી માંડવિયા આજે સાંજે પોરબંદરમાં, વિકસિત પોરબંદર ફર્નિચર પાર્ક સમિટનું ઉદ્ઘાટન કરશે. આ સમિટ દરમિયાન પોરબંદરમાં સૂચિત મેગા ફર્નિચર પાર્કની સ્થાપના, વિકાસની સંભાવનાઓ, રોકાણની તકો તથા ભવિષ્યની વ્યૂહાત્મક દિશા અંગે ઉદ્યોગજગત સાથે વિસ્તૃત ચર્ચા કરાશે. આ સમિટમાં ફર્નિચર ઉત્પાદન અને તેની સાથે સંલગ્ન ક્ષેત્રોના ઉદ્યોગપતિઓ, ઉદ્યોગ સંગઠનો તથા વ્યાપારિક મંડળોના પ્રતિનિધિઓ સહિત વિવિધ રાજ્યમાંથી 50થી વધુ પ્રતિનિધિ સહભાગી થશે.

# DWARKA MANDIR

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સુપ્રસિદ્ધ દ્વારકાધીશ મંદિરના દર્શનના સમયમાં ફેરફાર કરાયો છે. પવિત્ર પુરુષોત્તમ માસ અને ભાવિકોની ભારે ભીડને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવાયો છે. તે આજે, આવતીકાલે અને સોમવારે સાંજે ૪ વાગ્યાથી મંદિર દર્શન માટે મંદિર ખુલ્લું મૂકવામાં આવશે તેમ વહીવટદાર હિમાંશુ ચૌહાણે જણાવ્યું.

(BYTE - HIMANSHU CHAUHAN,

ADMINISTRATOR)

# VELAVADAR NATIONAL PARK

વેળાવદર કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાન મુલાકાતીઓ માટે વર્ષાઋતુ દરમ્યાન બંધ રહેશે. આ સમય મોટાભાગના વન્યપ્રાણીઓનો સંવનનકાળ હોવાથી તેના વસવાટમાં કોઇ ખલેલ ન પહોંચે તે હેતુથી અન્ય રાષ્ટ્રીય ઉદ્યાનોની જેમ આ રાષ્ટ્રીય ઉદ્યાન પણ મુલાકાતીઓ માટે 16 જૂન થી 15 ઓકટોબર સુધી બંધ રહેશે. જેની તમામ વન્યપ્રાણી પ્રેમીઓ તથા મુલાકાતીઓને નોંધ લેવા કાળીયાર રાષ્ટ્રીય ઉદ્યાનના મદદનીશ વન સંરક્ષકે જણાવ્યું છે.

# SURENDRANAGAR DABAN

સુરેન્દ્રનગર મહાનગરપાલિકા દ્વારા આજે શહેરમાં દબાણ હટાવવાની કામગીરી શરૂ કરાઇ છે. જેમાં જિલ્લા પંચાયતથી સર્કિટ હાઉસ તરફ જતા માર્ગ પાસે આવેલા વિવિધ દબાણ દૂર કરવામાં આવ્યા હતા. અગાઉ દબાણ હટાવવા તંત્રે ૪ દબાણકારોને નોટિસ આપી હતી.જેની સમયમર્યાદા પૂરી થયા બાદ મહાનગરપાલિકા દ્વારા આ કામગીરી કરવામાં આવી છે.